RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 285 * Date: 04.08.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રશિયામાં ૭ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી ધરા, ૬૦૦ વર્ષ બાદ ફરી ફાટ્યો જ્વાળામુખી




રશિયાના દૂર પૂર્વના વિસ્તારમાંના કામશ્ચતકા દ્વિપકલ્પમાં ૩૦ જુલાઈએ સવારે ૮.૮ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યા બાદ આજે (૩ ઓગસ્ટે) ફરી સાતની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ ભૂકંપના કારણે કુરીલ આઈલેન્ડની ધરતી ધ્રુજી ગઈ છે. એટલું જ નહીં ભૂકંપના કારણે ૬૦૦ વર્ષ બાદ જ્વાળામુખી પણ ફાટ્યો છે, જેના કારણે આસપાસના વિસ્તારો એલર્ટ મોડ પર આવી ગયા છે.

અમેરિકન જિયોલોજિકલ સર્વેના જણાવ્યા મુજબ, રશિયાના સેવેરો-કુરીલથી લગભગ ૧૨૧ કિલોમીટર પૂર્વમાં સાતની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો છે. ભારતીય સમય અનુસાર ભૂકંપ સવારે ૧૧ કલાકે આવ્યો હતો. ભૂકંપ બાદ કામચટકા દ્વિપકલ્પ પર ક્રશેનિનિકોવ જ્વાળામુખી સક્રિય થઈ ગયો છે. 'સિન્હુઆ' સમાચાર એજન્સીએ પણ કહ્યું છે કે, ભૂકંપના કારણે કમચટકા આઈલેન્ડ પર ક્રશેનિનિકોવ જ્વાળામુખી ફાટી ગયો છે. કુરીલ દ્વિપ પર સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે.

ભૂકંપ નિષ્ણાંતોના મતે કોઈપણ મોટો ભૂકંપ આવ્યા બાદ કેટલાક કલાકોથી લઈને કેટલાક દિવસો સુધી મોટા આંચકા અને સતત આવતા રહે છે. જેમ જેમ સમય પસાર થાય છે, તેમ તેમ તેની તીવ્રતા ઘટતી રહે છે. ૩૦ જુલાઈએ આવેલા ભૂકંપ બાદ જાહેર કરાયેલી સુનાવણીની ચેતવણી હટાવી લેવાઈ છે. આ ભૂકંપ આવ્યા બાદ બે ઓગસ્ટે પણ ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા ૬.૦ આંકવામાં આવી હતી.

કમચટકા વોલ્કેનિક ઈરપ્શન રિસ્પોન્સ ટીમના જણાવ્યા મુજબ, ૧૮૫૬ મીટર ઊંચે આવેલા જ્વાળામુખીની રાખ લગભગ ૬૦૦૦ મીટર ઊંચે સુધી ઉડતી દેખાઈ છે. ટીમના પ્રમુખ ઓલ્ગા ગિરિનાએ કહ્યું કે, ૬૦૦ વર્ષમાં પહેલીવાર આવો વિસ્ફોટ સંભળાયો છે. જ્વાળામુખીના ઢોળાવ પર લાવા તિરાડો પડી રહી છે. ઉત્તર દિશામાં ખાડામાંથી રાખના વાદળો સતત બહાર આવી રહ્યા છે અને સાથે જ મજબૂત વરાળ અને ગેસનું ઉત્સર્જન પણ થઈ રહ્યું છે. આ જ્વાળામુખીનું નામ તેના શોધક સ્ટેપન ક્રેશેનિનિકોવના નામ પરથી રાખવામાં આવ્યું છે.

રશિયામાં ૧૬૦ થી વધુ જ્વાળામુખીઓ છે, જેમાંથી લગભગ ૨૯ સક્રિય ગણાય છે. તેમાંથી કેટલાક સૌથી મહત્વપૂર્ણ જ્વાળામુખીની વાત કરીએ તો કામચટકા દ્વીપકલ્પના ક્લ્યુચેવસ્કાયા સોપકા સ્થિત આવેલો જ્વાળામુખી યુરેશિયાનો સૌથી ઊંચો સક્રિય જ્વાળામુખી છે, જેની ઊંચાઈ ૪,૭૫૦ મીટરથી વધુ છે. આ જ્વાળામુખી ખૂબ જ સક્રિય છે અને વારંવાર વિસ્ફોટ થાય છે. તાજેતરમાં, જુલાઈ ૨૦૨૫માં તેના વિસ્ફોટને કારણે રાખનો મોટો પ્લુમ ૧૩ કિલોમીટર સુધી ફેલાયો હતો.

## ગુપ્તચર એજન્સીઓની હિટ-લિસ્ટમાંનો આતંકવાદી ઠાર



જમ્મુ-કાશ્મીરના કુલગામના અખાલ જંગલમાં શનિવારે સુરક્ષા દળોએ અત્યાર સુધીમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા છે. બંનેના મૃતદેહ પણ મળી આવ્યા છે. એક આતંકવાદીની ઓળખ પુલવામાના હરિસ નઝીર ડાર તરીકે થઈ છે. જોકે, બીજાનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.હારિસ આજે સવારે માર્યો ગયો હતો, જ્યારે બીજો આતંકવાદી બપોરે માર્યો ગયો હતો. હારિસ સી-કેટેગરીનો આતંકવાદી હતો. તે ૧૪ સ્થાનિક આતંકવાદીઓની યાદીમાં હતો જેમના નામ ગુપ્તચર એજન્સીઓ દ્વારા ૨૬ એપ્રિલે પહેલગામ હુમલા બાદ જાહેર કરવામાં આવ્યા હતા. તેની પાસેથી છઙ્ઘ-૪૭ રાઈફલ, મેગેઝિન અને ગ્રેનેડ અને દારૂગોળો મળી આવ્યો છે.કુલગામમાં ગઈકાલે રાત્રે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું હતું. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના અને ઝઇંહ્લ 'ઓપરેશન અખલ' ચલાવી રહ્યા છે. જંગલમાં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોવાની શંકા છે. બંને બાજુથી ગોળીબાર ચાલુ છે.

કુલગામમાં સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ ગોળીબાર કર્યો એક અધિકારીએ જણાવ્યું હતું કે શુક્રવારે સાંજે વિસ્તારમાં આતંકવાદી ગતિવિધિઓ અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો હતો, ત્યારબાદ એન્કાઉન્ટર શરૂ થયું હતું. જંગલમાં છુપાયેલા આતંકવાદીઓની કુલ સંખ્યા અંગે હજુ સુધી માહિતી મળી નથી. ઓપરેશન હાથ ધરવા માટે વધુ સુરક્ષા દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે.જમ્મુ અને કાશ્મીરમાં આ અઠવાડિયામાં આ ત્રીજું એન્કાઉન્ટર છે. અગાઉ, ૨૮ જુલાઈના રોજ, સુરક્ષા દળોએ ઓપરેશન મહાદેવ હેઠળ લિડવાસના જંગલોમાં પહેલગામ હુમલામાં સામેલ ૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. ૩૧ જુલાઈના રોજ, પૂંછમાં ન્ઝ્ર નજીક ઘૂસણખોરી દરમિયાન વધુ બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા.

## અમદાવાદ વિમાન દુર્ઘટના: ૪૦ મૃતદેહોની ઓળખ પર શંકા



અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૫૨ બ્રિટિશ નાગરિકોના પરિવારો મૃતદેહોની ઓળખ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. બ્રિટનની લીગલ ફર્મ સ્ટોન લો મુજબ, ભારતથી મોકલવામાં આવેલા ૧૨ મૃતદેહોમાંથી બેની ઓળખ ખોટી હોવાનું જાણવા મળ્યું છે.આ મુજબ, ૪૦ મૃતદેહોની ઓળખ શંકાસ્પદ બની રહી છે, જ્યારે ઘણા મૃતદેહોનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. બ્રિટિશ વકીલ જેમ્સ હીલી-પ્રેટએ ભારતની તપાસ એજન્સી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (છછૈંમ્) ને અપીલ કરી છે કે તેઓ પરિવારોને કોકપિટ રેર્કોડિંગ અને ફ્યુઅલ-કટઓફ જેવા મહત્વપૂર્ણ પુરાવા આપે.૧૨ જૂનના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ૨૭૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા. જે મેડિકલ હોસ્ટેલમાં વિમાન ક્રેશ થયું હતું ત્યાં ૨૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા.કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી, મુરલીધર મોહોલે કહ્યું- તપાસમાં મદદ કરવા માટે મ્૭૮૭ ટાઈપ-રેટેડ અનુભવી પાઈલટ, એવિએશન મેડિસિન એક્સપર્ટ હ્યુમન ફેક્ટર સ્પેશિયાલિસ્ટ અને ફ્લાઈટ રેકોર્ડર એક્સપર્ટ સામેલ છે.કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે ૩૧ જુલાઈના રોજ સંસદમાં જણાવ્યું હતું કે અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસમાં હ્યુમન ફેક્ટર નિષ્ણાતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ અકસ્માતોના કારણો અને અન્ય સલામતી સંબંધિત ઘટનાઓનું વિશ્લેષણ કરે છે અને તેમને રોકવા માટે ડિઝાઈનમાં ફેરફારો સૂચવે છે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તપાસમાં તમામ પાસાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ નિર્ણય મહત્વપૂર્ણ છે કારણ કે અમેરિકન મીડિયા હાઉસ, વોલ સ્ટ્રીટ જર્નલે ૧૭ જુલાઈના રોજ પ્રકાશિત થયેલા એક અહેવાલમાં આશંકા વ્યક્ત કરી હતી

## નોકરાણી સાથે બળાત્કારના કેસમાં પ્રજ્વલને આજીવન કેદ



શનિવારે બેંગલુરુની એક સ્પેશિયલ કોર્ટે જેડીએસના પૂર્વ સાંસદ અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાને નોકરાણી પર બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે રેવન્નાને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સાથે જ પીડિતાને ૭ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.રેવન્નાના પરિવારના ફાર્મહાઉસમાં કામ કરતી ૪૭ વર્ષીય મહિલાએ ગયા વર્ષે એપ્રિલમાં રેવન્ના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. આમાં રેવન્નાએ ૨૦૨૧થી ઘણી વખત તેના પર બળાત્કાર કરવાનો અને ઘટના વિશે કોઈને જણાવવા પર વીડિયો લીક કરવાની ધમકી આપવાનો આરોપ મૂક્યો હતો.કોર્ટે ૧૮ જુલાઈના રોજ કેસની સુનાવણી પૂર્ણ કરી હતી. રેવન્ના વિરુદ્ધ બળાત્કાર, ગુનાહિત ધાકધમકી અને અશ્લીલ તસવીરો લીક કરવા સહિત અનેક કલમો હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. તેની સામે કુલ ૪ બળાત્કારના કેસ નોંધાયા છે. આ કેસમાંથી આ પહેલો કેસ છે, જેમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે.

## ગુજરાતના ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહી, હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું



ગુજરાતમાં વિરામ બાદ ફરી એકવાર વરસાદી માહોલ જામવાની શક્યતા છે. હવામાન વિભાગના તાજેતરના નાઉકાસ્ટ મુજબ, રવિવારે (ત્રીજી ઓગસ્ટ) ૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. સવારના ૧૦ વાગ્યાથી આગામી ત્રણ કલાક માટે આ વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના ર્દ્બઙ્ઘટ્ઠજં મુજબ, રવિવારે (ત્રીજી ઓગસ્ટ) મહેસાણા, સાબરકાંઠા અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે અન્ય જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૬૩ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૭.૧૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમં ૬૪.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫.૪૭ ટકા, પૂર્વ મધ્યમાં ૬૪.૮૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૫. ૧૧ ટકા વરસાદ નોંધાયો છે. સરદાર સરોવર ડેમ ૮૨.૯૧ ટકા ભરાયો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૬૭.૯૭ ટકા પાણીનો સંગ્રહ થયો છે.સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું ઉત્સાહભેર વાવેતર કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૩ ટકા નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું સમયસર આગમન થતા આ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમજ સારા વરસાદના પરિણામે ખેડૂતોને પણ સારી ઉપજ મળશે.રાજ્યમાં ખરીફ પાકોનું સારું વાવેતર જોવા મળ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૬૬ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં થયેલા કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૭૭ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર થયું છે. આ વર્ષે કપાસ અને મગફળીનું રાજ્યના ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં આશરે ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસ અને ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.

## ગુજરાતના ૧.૨૦ લાખ રત્નકલાકારો બેકારીના ભરડામાં, સંતાનોની સ્કૂલ ફી ભરવા પણ પૈસા નથી

ગુજરાત સરકાર બેકાર રત્નકલાકારો માટે જાહેર કરેલ પેકેજમાં સમ્રગ રાજ્યમાંથી કુલ ૧.૨૦ લાખ રત્નકલાકારોના સંતાનો માટે ફી માફીની અરજીઓ આવી છે. આ ૧.૨૦ લાખમાંથી ફક્ત સુરત શહેરમાંથી જ ૩૦૦થી વધુ સ્કૂલોની ૭૮૦૦૦ વિદ્યાર્થીઓની અરજીઓ આવી છે.

હીરા ઉદ્યોગમાં લાંબા સમયથી મંદીના માહોલને પગલે રત્નકલાકારોની સ્થિતિ કફોડી બની હતી. રત્નકલાકારો દ્વારા જીવન ટુંકાવવાના બનાવો વચ્ચે સરકારે લાંબા સમયથી સહાય પેકેજ માટે રજૂઆતો કરવામાં આવી હતી. મોડેમોડે સરકારે સહાય પેકેજની જાહેરાત કરી હતી. જેમાં સંપૂર્ણ બેરોજગાર હોય તેવા રત્નકલાકારોના સંતાનને ૧૩,૫૦૦ની મર્યાદામાં એક વર્ષ માટે સ્કૂલ ફીમાં માફીની જાહેર કરાઇ હતી.

સુરત સરકીટ હાઉસ ખાતે ગૃહ રાજ્યમંત્રીએ મીડિયાને જણાવ્યું કે, 'સરકાર દ્વારા સહાય પેકેજની જાહેરાત સાથે જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા ઉદ્યોગ કચેરી દ્વારા એક કમિટીની રચના કરાઈ હતી. કમિટીએ સ્કૂલ ફીમાં માફી મેળવવા મોટ રત્નકલાકારો તરફથી જે તે સ્કૂલમાં અરજી કરવાનું ઠરાવાયું હતું. ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ છે. સુરતમાં ૭૮ હજાર રત્નકલાકારોએ ૩૦૦થી વધુ સ્કૂલોમાં સંતાનોની સ્કૂલ ફી માટે અરજી કરી છે. આ અરજી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મોકલાશે. ત્યાંથી અરજી ડાયમંડ એસોસિયેશનને મોકલાશે. અહી સ્કુટીની કરાયા બાદ અરજી ફોર્મને મંજુરી અપાશે. સમગ્ર ગુજરાતમાંથી રત્નકલાકારો તરફથી ૧.૨૦ લાખ અરજી આવી છે.

**તંત્રી લેખ..**

## જુલાઈમાં દેશમાં વીજ વપરાશ માત્ર બે ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ

અમદાવાદ : દેશમાં વીજળી વપરાશ અને માંગના ડેટા દર્શાવે છે કે જુલાઈ ૨૦૨૫ દરમિયાન, દેશમાં વીજળીનો વપરાશ વાર્ષિક ધોરણે માત્ર ૨.૬ ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ થયો હતો. વીજળીની માંગમાં આ નજીવો વધારો મુખ્યત્વે દેશભરમાં સક્રિય ચોમાસાને કારણે થયેલા ભારે વરસાદ અને તેના કારણે એર કન્ડીશનર, કુલર જેવા ઠંડક ઉપકરણોના ઓછા ઉપયોગનું પરિણામ હતું.

જુલાઈમાં એક દિવસમાં સૌથી વધુ વીજળીની માંગ પણ જુલાઈ ૨૦૨૪માં લગભગ ૨૨૬.૬૩ ગીગાવોટ હતી તે ઘટીને ૨૨૦.૫૯ ગીગાવોટ થઈ ગઈ હતી. એ નોંધનીય છે કે મે ૨૦૨૪માં એક જ દિવસમાં સૌથી વધુ વીજળીની માંગનો સર્વકાલીન ઉચ્ચ સ્તર ૨૫૦ ગીગાવોટની આસપાસ પહોંચ્યો હતો, જ્યારે અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૩માં આ આંકડો ૨૪૩.૨૭ ગીગાવોટ હતો.સરકારી અંદાજ મુજબ, ૨૦૨૫ના ઉનાળામાં મહત્તમ વીજળીની માંગ ૨૭૭ ગીગાવોટ સુધી પહોંચવાની ધારણા હતી, પરંતુ આ વખતે એપ્રિલમાં શરૂ થયેલી ઉનાળાની ઋતુ દરમિયાન, જૂનમાં સૌથી વધુ માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા આઠ દિવસ પહેલા ૨૪ મેના રોજ કેરળના દરિયાકાંઠે પહોંચ્યું હતું, જેના કારણે દેશભરમાં ભારે વરસાદ પડયો હતો

# સુરતમાં ગર્ભ પરીક્ષણ કરતી બે હોસ્પિટલ ઝડપાઈ ગઈ

### બાતમીના આધારે આરોગ્ય વિભાગે બે હોસ્પિટલમાં ગેરકાયદે થતા ગર્ભ પરીક્ષણના રેકેટને ઝડપી પાડ્યું છે

સુરત,તા.૩

દેશ અને દુનિયાભરમાં મહિલા સમાનતા અને સશક્તિકરણની વાતો કરવામાં આવે છે. પરંતુ, હજુ પણ એક એવો વર્ગ છે, જે બાળકીના જન્મને 'સાપનો ભારો' જ સમજે છે. જેના માટે તેઓ ગર્ભ પરીક્ષણ પણ કરાવે છે. જોકે, ગર્ભ પરીક્ષણ કરવું તે કાનૂની ગુનો હોવા છતા અનેક એવા નીચલી માનસિકતા ધરાવતા લોકો એવું જાણવા તત્પર હોય છે કે, કોખમાં બાળક છે કે બાળકી? કેટલાંક તબીબો પણ પૈસાની લાલચે આ ગેરકાયદે કામ કરતા હોય છે. આવો જ એક કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે. જ્યાં બાતમીના આધારે આરોગ્ય વિભાગે બે હોસ્પિટલમાં ગેરકાયદે થતા ગર્ભ પરીક્ષણના રેકેટને ઝડપી પાડ્યું છે.

મળતી માહિતી મુજબ, સુરતના અમરોલીમાંથી ગેરકાયદે ગર્ભપરીક્ષણનો પર્દાફાશ કરાયો છે. જિલ્લા આરોગ્ય વિભાગમાં ફરિયાદ મળ્યા બાદ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે તપાસ કરતા સામે આવ્યું કે, અમરોલીની શિવમ અને ઓમસાઈ હોસ્પિટલમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ કરાવવામાં આવતું હતું. શિવમ હોસ્પિટલમાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણનો ધંધો ચાલતો હતો અને ઓમ સાઇ હોસ્પિટલના ડૉક્ટર ઝડફિયા અને તેનો રિક્ષા ડ્રાઈવર ગર્ભવતી મહિલાઓનો સંપર્ક કરતા હતા. આ સિવાય એજન્ટો મારફતે પણ ગર્ભવતી મહિલાઓને સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવતી હતી. ગર્ભમાં બાળક છે કે બાળકી તે તપાસ કરવા માટે ૧૦-૧૫ હજાર રૂપિયા લેવામાં આવતા હતા. હાલ, આરોગ્ય વિભાગ દ્વારા સોનોગ્રાફી મશીન સીલ કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ મામલે ડૉક્ટર ઝડફિયા હેઠળ અન્ય ત્રણ લોકો પણ સામેલ હતા. આ લોકોની પૂછપરછ કરતા સામે આવ્યું કે, સગર્ભા બહેનોને

### સમગ્ર મામલાની તપાસ પોલીસ કરી રહી છે

# લોનનો હપ્તો ચૂકવી શક્યો નહીં, તો બેન્કવાળા પત્નીને જ ઉપાડી ગયા

### પોલીસ ફરિયાદ બાદ બંધક બનેલી પત્નીને મુક્ત કરાઈ

ઝાંસી, તા.૩

ઉત્તર પ્રદેશના ઝાંસીમાં ખાનગી બેંકના કર્મચારીઓએ લોનના હપ્તા ચૂકવી ન શકવાને કારણે પુરુષ સાથે અકલ્પનીય વર્તન કર્યું. એવો આરોપ છે કે બેંક કર્મચારીઓએ પુરુષની પત્નીને બંધક બનાવી રાખી હતી અને કહ્યું હતું કે જ્યારે તે બાકી હપ્તા ચૂકવી દેશે ત્યારે જ તે તેની પત્ની પાછી મેળવશે.

પીડિતનો દાવો છે કે ખાનગી બેંકના કર્મચારીઓએ તેની પત્નીને હપ્તા ચૂકવવામાં અસમર્થ હોવાને કારણે બંધક બનાવી હતી. કર્મચારીઓએ તેને કહ્યું કે બાકી હપ્તા ચૂકવી દો અને પછી તે તેની પત્નીને પાછી મેળવી લેશે. કોઈક રીતે પીડિતાએ પોલીસમાં આ અંગે ફરિયાદ કરી, ત્યારબાદ બંધક બનેલી પત્નીને મુક્ત કરવામાં આવી. હવે પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે પૂંછ પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી રવિન્દ્ર વર્માએ મોંઠ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી છે. જેમાં તેણે જણાવ્યું હતું કે બમરૌલી ગામની આઝાદ નગર વિસ્તારમાં એક ખાનગી લોન આપતી બેંકની શાખા છે. જ્યાંથી લોન લીધી હતી અને તેના કેટલાક હપ્તા બાકી હતા.

ગયા સોમવારે રવિન્દ્ર તેની પત્ની પૂજા વર્મા સાથે બેંક ગયો હતો.

રવિન્દ્રનો આરોપ છે કે તેને અને તેની પત્નીને બળજબરીથી બેંકની અંદર બેસાડવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે બાકી લોનની રકમ જમા ન થાય ત્યાં સુધી તેની પત્નીને છોડવામાં આવશે નહીં. બેંક કર્મચારીઓએ તેને ઘરે જઈને પૈસા લાવવા કહ્યું અને પછી તેની પત્નીને અહીંથી લઈ ગયા.

પીડિતાના જણાવ્યા મુજબ તેણે બેંક કર્મચારીઓને વિનંતી કરી અને કહ્યું કે તે પૈસાની વ્યવસ્થા કરવામાં અસમર્થ છે પરંતુ કર્મચારીઓએ તેની વાત સાંભળી નહીં અને પૈસા માટે દબાણ કરતા રહ્યા. અંતે થાકીને અને કંટાળીને તેણે ડાયલ ૧૧૨ પર માહિતી આપી. માહિતી મળતાઁ ઈફ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તેની પત્નીને ત્યાંથી બહાર કાઢીને મોંઠ પોલીસ સ્ટેશન લઈ ગઈ. આ દરમિયાન તેની પત્ની લગભગ ૪ કલાક સુધી બંધક બની રહી.

રવિન્દ્ર વર્માનો એવો પણ આરોપ છે કે તેણે બેંકમાંથી ૪૦,૦૦૦ રૂપિયાની પર્સનલ લોન લીધી હતી. જેનો માસિક હપ્તો ૨,૧૨૦ રૂપિયા હતો. અત્યાર સુધીમાં તેણે ૧૧ હપ્તા જમા કરાવ્યા છે. પરંતુ બેંકમાં ફક્ત ૮ હપ્તા જ બતાવવામાં આવી રહ્યા છે. તેણે આરોપ લગાવ્યો કે બેંક એજન્ટે તેના ત્રણ હપ્તાના પૈસા જમા કરાવ્યા નથી અને તેની ઉચાપત કરી છે.

મોંઠ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જનું કહેવું છે કે તેમને કેસ વિશે માહિતી મળી છે. જેના સંબંધમાં બેંકમાં લગાવેલા ઝઝ્રફ ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. કેસની અન્ય રીતે પણ તપાસ કરવામાં આવી રહી છે. જે પણ પુરાવા સામે આવશે તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

# મહિલા સભ્યના ખોટા સહી સિક્કા કરી આધાર કાર્ડ અપલોડ કરતો દુકાનદાર ઝડપાયો

### દુકાન પર એક વ્યક્તિ કોમ્પ્યુટર પર ઓનલાઈન ડોક્યુમેન્ટ કાઢવાનું તથા સુધારો કરવાનું કામ કરતો હતા

વડોદરા,તા.૩

વડોદરા કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્યના હોદ્દા અને સિક્કાનો દુરુપયોગ કરી આધાર કાર્ડ અપલોડ કરનાર દુકાનદારની સિટિ પોલીસે ધરપકડ કરી છે.

ફતેપુરામાં રહેતા અને કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્ય હેમીષાબેન જયેશભાઇ ઠક્કરે સિટિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૩૦મી તારીખે અમારા પક્ષના કાર્યકર્તાએ મને ફોન કરીને જણાવ્યું હતું કે, તમારા નામ અને હોદ્દાના સ્ટેમ્પનો દુરુપયોગ થાય છે. જૂની આર.ટી.ઓ. કચેરી પાસે આવેલી દિયાનીતિ વેબ સોલ્યુશન નામની દુકાન પર હું ગયો હતો. ત્યારે દુકાન પર એક વ્યક્તિ કોમ્પ્યુટર પર ઓનલાઇન ડોક્યુમેન્ટ કાઢવાનું તથા સુધારો કરવાનું કામ કરતો હતો. તેણે પોતાનું નામ પરેશભાઇ જણાવ્યું હતું. મેં તેને આધારા કાર્ડમાં સરનામુ બદલી આપવાનું કહી મારી પાસે કોઇ આધાર પુરાવો નહી હોવાનું જણાવ્યું હતું. તેણે મને ૯૫૦ રૂપિયા થશે તેવું કહ્યું હતું. કાર્યકર્તા હાર્દિકભાઇને વધુ તપાસ કરવાનું કહેતા એવું જાણવા મળ્યું હતું કે, કોઇ વ્યક્તિ પાસે કોઇ નાગરિક આધાર પુરાવા વગર આધાર કાર્ડમાં ફેરફાર કરાવવા આવે ત્યારે દુકાનદાર પરેશભાઇ મારા નામ અને હોદ્દાના સિક્કાનો ઓનલાઇન દુરુપયોગ કરે છે. તેણે (૧) નિશાબેન મનિષભાઇ રાયચંદાણી (૨) જયાબેન ઠાકુરભાઇ કર્રા (બંને રહે. એસ.કે. કોલોની, વારસિયા) તથા (૩) કમુબેન મુકેશભાઇ (રહે. જૂના આર.ટી.ઓ. રોડ, વારસિયા) ના આધારકાર્ડમાં ફેરફાર કરવા મારા નામ અને હોદ્દાના સિક્કાનો દુરુપયોગ કરી સહી કરી આધાર કાર્ડ અપલોડ કરે છે.

# AMTS ૨૨૫ ઈલેક્ટ્રિક બસો ઊંચા ભાવે એરો ઈગલ નામની એજન્સીને ચૂકવણી કરશે

*અમદાવાદ,તા.૨*

*અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) છેલ્લા કેટલાક સમયથી ભારે દેવા હેઠળ ચાલી રહી છે.*

*અંદાજે ૬,૦૦૦ કરોડના દેવા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના લોનના બોજા હેઠળ દબાયેલી આ સંસ્થા હવે વધુ એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે ચર્ચામાં આવી છે. AMTS ૨૨૫ ઈલેક્ટ્રિક બસો માટે પ્રતિ કિલોમીટર ૯૪ના ઊંચા ભાવે એરો ઈગલ નામની એજન્સીને ચૂકવણી કરશે. આ ભાવ દેશભરમાં ઈલેક્ટ્રિક બસો માટે ચૂકવવામાં આવતા સૌથી ઊંચા ભાવ ગણાય છે.*

*AMTS દ્વારા ૨૨૫ બસના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે એરો ઈગલ નામની એજન્સીને આ કામગીરી સોંપવામાં આવી રહી છે. રસપ્રદ વાત એ છે કે આ ટેન્ડર માટે માત્ર ૩૫ બસ સપ્લાય કરવાનો અનુભવ જ માંગવામાં આવ્યો હતો.*



*પ્રાપ્ત માહિતી મુજબ, આ એજન્સી માત્ર બે વર્ષ પહેલાં જ અસ્તિત્વમાં આવી છે. આ સોદામાં વધુ એક ચિંતાજનક બાબત એ છે કે ઓછી આવક અને અન્ય પેનલ્ટીને માત્ર ૧૦%માં સમાવી લેવામાં આવી છે, જે AMTS માટે વધુ નુકસાનકારક સાબિત થઈ શકે છે.*

*ગુજરાત (અન્ય ટેન્ડર): ૬૫.૫ પ્રતિ કિલોમીટર (૯ મીટર બસ)*

*મધ્યપ્રદેશ: ૫૮.૧*

*મહારાષ્ટ્ર: ૬૯.૦૫*

*રાજસ્થાન: ૬૦.૦૯*

*હરિયાણા: ૬૫*

*આંધ્રપ્રદેશ: ૬૨.૨*

*ઉત્તરાખંડ: ૫૭.૬*

*પંજાબ: ૬૫.૯*

*આ ઉપરાંત, જનમાર્ગ દ્વારા છ મહિના પહેલા કરવામાં આવેલા ૧૨ મીટર લંબાઈની બસના ટેન્ડરમાં પ્રતિ કિલોમીટર ૭૨નો ભાવ આવ્યો હતો, જે AMTSના નવા ભાવ કરતા ઘણો ઓછો છે.*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સતત વધી રહેલું દેવું જોતા એક સમયે તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર સ્વ. ગુરુપ્રસાદ મોહપાત્રાએ તો ત્યાં સુધી કહ્યું હતું કે, "શા માટે ચલાવો છો? સંસ્થાને તાળા મારી દો." આ ઘટના ફરી એકવાર AMTSના આર્થિક સંચાલન અને દેવાના બોજા નીચે દબાઈને લેવાઈ રહેલા નિર્ણયો પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. શું આ નિર્ણય AMTSને વધુ દેવામાં ધકેલવાનું એક કાવતરું છે? આ અંગેનો પ્રસ્તાવ AMTSની આગામી કમિટી બેઠકમાં મંજૂરી માટે રજૂ થશે, અને તે સમયે જ આ વિવાદ વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે.*

# સતકર્તા ગ્રુપ દ્વારા લગાવવામાં આવેલા બેનર્સ અંગે પોલીસે હાથ ખંખેર્યા







શહેરના સાયન્સ સીટી અને સોલા વિસ્તારમાં સતકર્તા ગ્રુપ દ્વારા અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના સૌજન્યના નામથી લગાવવામાં આવેલા બેનર્સમાં મહિલાઓને રાતના સમયે બહાર ન નીકળવા અને અમદાવાદ સુરક્ષિત શહેર નથી તેવા બેનર્સ લગાવવામાં આવતા વિવાદ થયો હતો. જે મામલે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે વાંધાજનક લખાણ મામલે હાથ ઉંચા કરીને માત્ર બેનર જપ્ત કરવાની સાથે સોલા પોલીસ મથકે જાણવા જોગ નોંધ કરીન તપાસના આદેશ આપ્યા છે. પરંતુ, અમદાવાદની છબીને નુકશાન કરનાર ગ્રુપના સંચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો નથી.

શહેરના સાયન્સ સીટી, સોલા તેમજ પશ્ચિમ વિસ્તારના સતર્કતા ગ્રુપ દ્વારા અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના સૌજન્યથી કેટલાંક બેનર્સ લગાવવામાં આવ્યાનું સામે આવ્યું હતું. જેમાં મહિલાઓને રાતના સમયે એકલા ન નીકળવા તેમજ નીકળશે તો અમદાવાદ સલામત નથી તેવા પ્રકારનું લખાણ લખવામાં આવ્યું હતું. આ બાબત અમદાવાદ પોલીસના ધ્યાનમાં આવતા તાત્કાલિક તમામ બેનર્સને જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

જે અંગે ડીસીપી ટ્રાફિક (પૂર્વ) સફીન હસને જણાવ્યું કે ટ્રાફિક પોલીસે સતકર્તા ગ્રુપને ટ્રાફિકની અવેરનેશ માટેના બેનર્સ લગાવવા માટે પરવાનગી આપી હતી. પરંતુ, ગ્રુપના સંચાલકે પોલીસની જાણ બહાર આ બેનર્સ લગાવ્યા હતા. જેથી આ આ અંગે સોલા પોલીસ મથકે જાણવા જોગ નોંધ કરાવીને તપાસ કરવા માટે આદેશ આપ્યો છે.

અમદાવાદ શહેરના સૌથી સુરક્ષિત શહેરનો ખિતાફ મળ્યો છે. ત્યારે સતર્કત ગ્રુપ દ્વારા મહિલાઓની સુરક્ષાના મામલે જે બેનર્સ લગાવવામાં આવતા સલામતીના દાવાને લઈને પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે. જો કે પોલીસ અધિકારીઓ માને છે કે આ બેનર્સનું લખાણ અયોગ્ય છે અને અમદાવાદ પોલીસ સુરક્ષા માટે સક્ષમ છે. ત્યારે આ મામલે સતર્કતા ગ્રુપ વિરૂદ્ધ માત્ર જાણવા જોગ નોંધ નહી પણ ફરિયાદ નોંધવાની જરૂર હોય છે.પરંતુ, પોલીસે ફરિયાદ ન નોંધતા સુરક્ષાના પોલીસના દાવા પર સવાલ ઉભા થયા છે.

સામાન્ય રીતે કોઈ વ્યક્તિ સોશિયલ મિડીયામાં વાંધાજનક પોસ્ટ મુકે તો તેના વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવે છે પરંતુ, અમદાવાદની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉભા કરનાર સામે શા માટે ગુનો ન નોંધ્યો? તે બાબત ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# અમરેલી જિલ્લાનું નામ હવે ફરીથી હીરાની ચમક સાથે આગળ વધી રહ્યું છે

અમરેલી,તા.૩

અમરેલી જિલ્લાનું નામ હવે ફરીથી હીરાની ચમક સાથે આગળ વધી રહ્યું છે. અત્યાર સુધી મોટાભાગે ખેતી પર નિર્ભર અમરેલી જિલ્લાને હવે હીરા ઉદ્યોગમાં નવી ઊર્જા અને દિશા મળી છે. છેલ્લાં કેટલાક સમયથી ડાયમંડ એસોસિએશન અને સ્થાનિક વેપારીઓના સતત પ્રયાસો ફળતાં હવે શનિવાર અને રવિવારના દિવસે અમરેલીમાં રાજ્યના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યમાંથી વેપારીઓની ભીડ ઉમટશે. તેમજ શનિવાર અને રવિવારના પાંચ કરોડનું ટર્નઓવર થશે.

મહારાષ્ટ્ર, સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટના મોટા વેપારીઓ હવે દર અઠવાડિયે ખાસ શનિવાર-રવિવારે અમરેલી આવશે. અહીંના સ્થાનિક રત્ન કલાકારોના હીરા, તેની ઘસાઈ-પોલીશ અને કટિંગના ગુણવત્તાવાળા નમૂનાઓથી પ્રભાવિત થયા છે, તેઓ અહીંથી સીધી ખરીદી કરશે. આ એક મહત્ત્વપૂર્ણ ફેરફાર છે કેમ કે અગાઉ હીરાનો મોટાભાગનો વેપાર માત્ર સુરત કે રાજકોટ સુધી મર્યાદિત હતો.

અમરેલી ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલિતભાઈ ઠુમરે જણાવ્યું કે, "અમરેલી જિલ્લો હીરા અને ખેતી આધારિત છે. અમરેલીના રત્ન કલાકારો પાસે કુશળતા છે, પરંતુ તેમને યોગ્ય માર્કેટ અને સીધો વેપાર મળતો નહોતો. આપણે ઘણા સમયથી શહેરમાં હીરાના વ્યવસાયને પુન:પ્રતિષ્ઠા અપાવવાનો પ્રયાસ કર્યો છે અને હવે તે સફળતા મેળવી છે." લલિતભાઈએ ઉમેર્યું કે, "ડાયમંડ એસોસિએશન દ્વારા પ્રથમ સોફ્ટ ટ્રેનિંગ, વેપાર મેળાવડા અને વિવિધ માર્કેટિંગ અભિયાન શરૂ કરાયા હતા. આ નવા નિર્ણયથી અમરેલી શહેરનો વેપાર પ્રભાવિત થશે." આ પહેલથી ખાસ કરીને સ્થાનિક યુવાનો, રત્ન ઘસાઈ-પોલીશ સાથે સંકળાયેલા કલાકારો અને નાના કાર્યશાળાઓને સીધો લાભ થશે. લાંબા સમયથી કામ તો હતું પરંતુ પૂરતો ભાવ અને પ્લેટફોર્મ નહોતો. હવે વેપારીઓ સીધા અમરેલી આવશે એટલે અહીંથી ખરીદી થશે, નફો અહીં જ રહેશે અને રોજગારીની તકો વધશે.

આ પગલાને 'અમરેલી ડાયમંડ વીકએન્ડ માર્કેટ' તરીકે ઓળખ આપવામાં આવી રહી છે. સમય જતાં આ એક બ્રાન્ડિંગ બને તેવી શક્યતા પણ વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. હવે અમરેલીનો હીરા ઉદ્યોગ માત્ર સુરત પર આધારિત નહીં રહે, પરંતુ પોતાનું આગવું સ્થાન બનાવશે.

અમરેલી માટે આ સમાચાર આશાવાદી છે. સતત પડી રહેલા ધક્કાઓ વચ્ચે એક ઉદ્દીપક સંકેત છે કે કઠિન મહેનત અને સંગઠનના પ્રયાસોથી હવે અમરેલી ફરીથી હીરાની વિશ્વમાં પોતાની જગ્યા માટે દાવેદાર બનશે. આ પહેલ અમરેલીના અર્થતંત્રમાં નવી ઉછાળ લાવશે અને ખાસ કરીને યુવાઓ માટે આશાની નવી કિરણ બની રહેશે.

# ઢોરના ડબ્બામાંથી પોતાને બદલે બીજાની ગાયો દંડ ભરીને લઈ જનાર પશુ માલિકની અટકાયત

જામનગર,તા.૩

જામનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોરના ડબ્બામાંથી પોતાના બદલે બીજાની ત્રણ ગાયો દંડ ભરીને છોડાવી લઈ જવાનું કૌભાંડ પકડી લેવામાં આવ્યું છે, અને એક ઢોર માલિકની અટકાયત કરી લઈ પોલીસે છોટા હાથી અને ત્રણ પશુઓ કબજે કર્યા છે, અને એક વાડામાં સાચવી રાખ્યા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં સ્વામિનારાયણ ગુરુકુળ સ્કૂલની પાછળ રહેતા રોહિત પપ્પુભાઈ ભરવાડ, કે જેની માલિકીની રસ્તે રઝળતી ત્રણ ગાયોને જામનગર મહાનગરપાલિકા દ્વારા પકડી લેવામાં આવી હતી, અને બેડેશ્વર વિસ્તારમાં આવેલા મહાનગરપાલિકાના ઢોરના ડબ્બામાં મૂકવામાં આવી હતી.

દરમિયાન ઢોર માલિક રોહિત ભરવાડ મહાનગરપાલિકાની કચેરીમાં આવ્યો હતો, જયાં મહાનગરપાલિકાના અધિકારી રાજેન્દ્રસિંહ જાડેજાને દંડની રકમ ભરીને પોતાની ગાયો છોડાવવા માટેની માંગણી કરી હતી. જેથી રાજભા જાડેજા દ્વારા તેને ઢોરના ડબ્બામાં લઈ જવામાં આવ્યો હતો, અને પોતાની ત્રણ ગાયોને શોધી લેવા માટે કહ્યું હતું. તેથી તેણે બેડેશ્વરના ઢોરના ડબ્બામાંથી ત્રણ ગાયો પોતાની છે, તેમ કહીને ત્રણ ગાય છોડાવી હતી, અને જી.જે. ત્રણેય ગાય જી.જે.એ.એક્સ ૩૪૭૫ નંબરના છોટા હાથી વાહનમાં ભરી અને ઢોરને ડબ્બેથી લઈ જઈ રહ્યો હતો.

જે દરમિયાન રસ્તામાં વિજય ડાયાભાઈ રાતડીયા કે જે પણ પોતાની ગાય છોડાવવા માટે આવી રહ્યો હતો, અને તેણે છોટાહાથીમાં પોતાની ગાયો જોઈ હતી. જેથી તે વાહનને અટકાવ્યું હતું, અને મહાનગરપાલિકાના અધિકારી રાજભા જાડેજા ને જણાવ્યું હતું, કે રોહિત ભરવાડ જે ત્રણ ગાયો લઈ જઈ રહ્યો છે, તે ગાય તો પોતાની માલિકીની છે.

મહાનગર પાલિકા સાથે છેતરપિંડી કરીને બીજાના પશુઓ છોડાવીને ગેરકાયદેસર રીતે લઈ જઈ રહ્યો છે, તેમ જણાવી સમગ્ર મામલાને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવામાં આવ્યું હતું. જ્યાં ઓળખની વિધી પૂરી થઈ ગયા બાદ મનપાના અધિકારી રાજભા જાડેજાએ ઢોરના ડબ્બામાં ખોટી ઓળખ આપી અન્ય પશુ માલિકની ત્રણ ગાયને લઈ જનાર રોહિત ભરવાડ સામે છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેથી સિટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. એમ.વી.મોઢવાડિયાએ પશુ માલિક રોહિત ભરવાડની અટકાયત કરી લીધી છે, અને તેની સામે બી એન એસ કલમ ૩૧૯(૨), અને ૩૧૮(૪), મુજબ ગુનો નોંધ્યો છે. તેમજ છોટાહાથી કબજે કરી લીધું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




NG: *NOG SS NO.: 382
વિષય : પવિત્ર શ્રાવણ માસ
★શીર્ષક : શ્રાવણ તારા પાવન પગરવ
★પ્રકાર : પદ્ય ★શબ્દો : ૧૧૦
પ.

શ્રાવણ તારા પાવન પગરવપ..

ઝરમર ગગન ને ટહુકૂટખટ યમુનાજીના ઘાટ

સજે શિવાલય શ્રાવણીયા શણગાર
જ્યોર્તિલિંગ અભિષેકે જપું ઓમકાર
ઝરમર શ્રાવણ ભીંજવે લઈ કાવડની હેલ
મન મ્હાલે ને ધરણી હાલે લઈ ભક્તિની હેલ

પૂરક ગાજે મેઘ, શિવ ડમરું હર નાદ
બિલિપત્ર ગંગા-જલ અર્પું શિવરાત
શ્રાવણ તારા પાવન પગરવ વંદન તપ રંજન
સાગર મંથને વિષકષ્ટ હરે ભોલે નીલકંઠ

વલ્લભાચાર્યની શ્રીવાણી, બાંધે બ્રહ્મ સંબંધ, સુદ બારસ કૃપા જગદીશ
ભીંજવે શ્રાવણની ભક્તિ ને નેહ, ઉર પ્રસન્ન, રક્ષા પર્વના પાવન સંદેશ.
રમેશ પટેલ(આકાશદીપ)
NG: NOG SS NO 184

વિષય :- પવિત્ર શ્રાવણ માસ
શીર્ષક :- ચાતકનું સમર્પણ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૦૫

પવિત્ર શ્રાવણ માસ એટલે તહેવારોનું દર્પણ,
શ્રાવણ માસ અબાધિત રીતે વર્ષાનું પ્રત્યાર્પણ.

ધર્મ, આસ્થા, તહેવાર, ભક્તિ અને હરિયાળી;
વર્ણન કરીને લેતા રહ્યા સાહિત્યકારો સારપણ.

ખબર છે ખરી, વર્ષાને કોણ માને છે ભગવાન?
એકમાત્ર ચાતક છે વર્ષા પ્રેમનું શાશ્વત સમર્પણ.

વરસ આખું વરસાદની રાહ જોયા કરે ચાતક,
બીજું પાણી ના જ પીવે, જાણે કે અન્ય જળ મારણ.

ભક્ત ને ભગવાનના સંબંધની તોલે ચાતક પ્રેમ,
પાણી હોવા છતાં વચ્ચે ચાંચ ના ખોલવાનું પ્રાણાર્પણ.

પવિત્ર શ્રાવણ માસમાં આપણે પ્રાર્થીએ પ્રભુને,
કાયમ તૃપ્ત કરે ચાતક તરસ, થાય પ્રેમનું તર્પણ.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
NG: NOG SS No. 371
વિષયઃ- પવિત્ર શ્રાવણ માસ
શીર્ષક :-મારા ભોળાનાથ
પ્રકારઃ- મૌલિક રચના શબ્દોઃ- ૧૧૭

છે જેનો કૈલાસ પર્વત પર વાસ એવા મારા છે ભોળાનાથ,
આપી રાજપાટ સર્વ સમૃદ્ધિ ને કર્યો સ્મશાને વાસ એવા મારા છે ભોળાનાથ.

સમુદ્રમંથન વેળાએ નીકળ્યું હળાહળ વિષ થયો ચોતરફ હાહાકાર,
ખુદ ધરી નિજ કંઠે એ વિષને કર્યો દેવ દાનવ પર ઉપકાર એવા મારા છે ભોળાનાથ.

નિષ્ઠાવાન ભક્ત રાવણ લાવી ગંગા જળાભિષેક કર્યો શિવ પર,
એ જ પવિત્ર શ્રાવણ માસને શરૂ થયો જળાભિષેક જેના માટે એવા મારા છે ભોળાનાથ.

દૂર દૂરથી લઈ પવિત્ર જળને કરે છે અસંખ્ય ભક્તો કાવડ યાત્રા,
આપી વરદાન પૂર્ણ કરી મનની આશ પળમાં રીઝે એવા મારા છે ભોળાનાથ.
કંઇ રીતે શબ્દોમાં વર્ણન કરું છે અમ આરાધ્યદેવ ચાંદનીને કંઇ સમજાતું નથી,
જોડી બે કર માથું નમાવી કરે પ્રાર્થના આપજો કૈલાસમાં વાસ અમને ઓ મારા ભોળાનાથ.

ડૉ ભાવના એન જોષી ચાંદની
વડોદરા
NG: NOG SS 0092
વિષયઃ પવિત્ર શ્રાવણ માસ
શિર્ષક : શ્રાવણે મળે શિવજી
પ્રકાર : પદ્ય. શબ્દ :૧૩૮

શિવ, આદિ દેવ, મહાદેવ,
અનંત શક્તિ, ઊર્જા એકમેવ.
શક્તિ અને શિવ નહિ છે ભિન્ન,
જાણે પ્રકૃત્તિ થઈ નભમાં લીન.

રાખે નવ ગ્રહોને નાથી,
રીઝે જળભર લોટાથી.
ભાંગ, ધતુરો ને આંકડાની માળ,
રાજીના રેડ થઈ કરે ભક્તોને ન્યાલ.

અંગે સ્મશાન ભભૂત ને,
સંગે રાખે ભૂતોની ટોળી.
વ્યાઘરાંબર ધર્યું અંગે,
મસ્તકે ચંદ્ર ને જટાએ ધર્યા ગંગે.

શ્રાવણની ઝડી શિવજીને છે પ્યારી,
ગૌરી સંગે કૈલાસે વસે ત્રિપુરારી.
મનાવ છો પ્રલયના પુરોગામી,
હે ત્રિનેત્રધારી ! નમામિ, નમામિ.

'ભોળાના ભગવાન' કહી તમે ઓળખાવો,
ત્રિશૂળ, ડમરુ ને નંદીથી સહજ શોભાવો.
તરછોડેલાને પ્રેમે અપનાવો,
મુજથી પ્રભુ કેમ ના રિઝાવો?

જપ, તપ, વ્રત મારા હવે તો સ્વીકારો,
દ્યો મોક્ષને માયા બળથી છોડાવો.
કરી દો પ્રકાશિત અંતરને હે વૃષકેતુ!
ભક્તિ તમારી કરવી રહે એ જ જીવન હેતુ.

અલકા નવિનચંદ્ર મહેતા
NG: NOGG SS no 351
વિષયઃ પવિત્ર શ્રાવણ માસ
શીર્ષકઃ મહાદેવ
પ્રકારઃ ગદ્ય શબ્દઃ ૧૭૬

હે! શિવ અમારી વાણી આપના ગુણ કહેવામાં, શ્રવણમાં, કાર્યમાં અને મન આપના ચરણ કમળમાં સદૈવ રહે, આમ તો શિવ પૂજા માટે કોઈ સમય કાળ નથી, પણ શ્રેષ્ઠ અવસર એટલે શ્રાવણ માસ, ઉત્તર ભારતીયો નો શ્રાવણ માસ આપણા શ્રાવણ માસ પહેલા આવે છે, કાવડીયાની યાત્રા શરૂ થઈ જાય છે એમ કહેવાય છે કે શ્રાવણમાં શિવ તત્વ એકદમ ઉજાગર થાય છે, ભોળાનાથ નો પ્રિય મહિનો એટલે શ્રાવણ મહિનો, ભોળાશંકર શ્રાવણ માસમાં જલ્દી રિઝે છે, શિવપુરાણ અનુસાર ભક્ત વિવિધ સામગ્રી થી શિવ ઉપાસના કરે છે, જળાભિષેક કરી બીલીપત્ર અર્પણ કરે છે શિવ પંચાક્ષરી મંત્ર, મહામૃત્યુંજય મંત્ર દ્વારા શિવને પ્રસન્ન કરી શકાય છે, શ્રાવણ માસમાં ઉપવાસ વ્રત કરવાથી શ્રેષ્ઠ ઉપાસના થાય છે જેઓ આખો શ્રાવણ મહિનો ઉપવાસ નથી કરી શકતા તેઓ અચૂક સોમવારના વ્રત અવશ્ય કરે છે.

શિવપુરાણ નું પઠન મનન ચિંતન અતિ શુભ ફળ આપે છે, શ્રાવણ માસમાં લઘુરુદ્ર થકી પૂજા કરી શકાય, જે ભક્તો શ્રાવણ માસમાં ભગવાન શિવની ઉપાસના આ રીતે કરે છે તેમના સમસ્ત જનમો જનમના પાપો નષ્ટ થાય છે રોગોથી મુક્તિ મળે છે શત્રુઓથી રક્ષણ થાય છે, સુખ સમૃદ્ધિ મળે છે જન્મો જનમના ફેરા ટળે છે.
જયશ્રી વાઘેલા (મુંબઈ)
ચ૬ઃ૪૧ઁર, ૮/૩/૨૦૨૫ ૈસ્હટ્ટૈ હ્રીહ દ્રઃ ર્દ્દર ર્દ્દ. ૦૦૫૯
વિષય પવિત્રશ્રાવણ
માસ.
શીર્ષકઃઆવ્યો રે..

આવ્યો આવ્યો રે
પવિત્ર શ્રાવણ માસ

લાવ્યો લાવ્યો રે
તહેવારો નોં થાળ
સંભળાય ડમરૂનો નાદ
આવ્યો રે શ્રાવણ માસ
આવ્યો આવ્યો રે...

આવ્યા આવ્યા રે
ભોળેનાથ આપણે દ્વાર
આવ્યા આવ્યા રે
કૃષ્ણ ને રાધા સાથ
રમશે રંગીલો રાસ
આવ્યો આવ્યો રે..
જયકાન્ત ઘેલાણી પ્યારે'.

# લ્યુકેમિયા ભાગ - ૦૪ અમારને લ્યુકેમિયા છે

આજે મને ડૉકટર ઈશાનમાં પણ ભગવાન દેખાવા લાગ્યા હતા. હિંમત કરીને કેબિનની અંદર આવ્યો અને ડૉકટર ઈશાન કંઈ બોલે તેની પહેલાં જ ખુરશીમાં બેસી ગયો. ડૉકટર ઈશાન તરફ આંખો કરીને જોઈ રહ્યો એટલે તે બોલ્યા,

'મિસ્ટર શિવ ચૌધરી, અમારના રિપોર્ટ આવી ગયા છે.'

'રિપોર્ટ એકદમ નોર્મલ જ હશે!' સિતારા બોલી પડી.
ડૉકટર ઈશાને આંખોથી ઈશારો કરીને મને પ્રશ્ન કર્યો,

'નર્સે તમને જણાવ્યું નહોતું કે તમારાં પત્નીને ઘરે રહેવા દેજો.'

મેં પણ સામે ઈશારો કરીને પૂછ્યું, 'કોઈ સિરિયસ વાત છે?'

'વાત તો સિરિયસ છે. એટલે જ નર્સ પાસે કહેડાવ્યું હતું કે તમારાં પત્નીને સાથે ન લાવતા.'

હું અને ડૉકટર ઈશાન આંખના ઈશારે વાત કરી રહ્યા હતા. જે જોઈને સિતારા બોલી, 'હવે આંખના ઈશારાઓમાં વાતો પતી ગઈ હોય તો તમે શું વાત કરી રહ્યા છો? એ મને જણાવો. મારો જીવ ખૂબ જ ગભરાઈ રહ્યો છે.'




સિતારાના ચહેરા ઉપર ડર જોઈને હું પણ ગભરાઈ રહ્યો હતો, મેં એના હાથ ઉપર હાથ મૂક્યો. ડૉકટર ઈશાન તેની તરફ જોઈને બોલ્યા,

'ભાભી, તમે અમારને લઈને બહાર જાઓ. મારે મિસ્ટર ચૌધરી સાથે થોડું કામ છે.'
સિતારા આ સાંભળીને એક જ ઝટકે બોલી પડી, 'જે પણ કામ હોય એ મારી આગળ કહો.'

ડૉકટર ઈશાને મારી તરફ ઈશારો કર્યો, 'તમે તમારી પત્નીને સમજાવો અને તેમને બહાર મોકલો.'

સિતારાને બહાર મોકલવાની હિંમત મારામાં નહોતી એટલે હું બોલ્યો, 'ડૉકટર ઈશાન, તમે સિતારાની આગળ જ કહી દો.'

'જેવી મિસ્ટર ચૌધરી તમારી ઈચ્છા!' ડૉકટર ઈશાન ખૂબ જ સહજતાથી બોલ્યા.

તેમની આ સહજતા જોઈને મેં પૂછી લીધું, 'તમારો ચહેરો જોઈને લાગે છે કે બધું એકદમ બરાબર છે.'
ત્યારે ડૉકટર ઈશાન ખૂબ જ સહજતાથી બોલ્યા, 'મિસ્ટર ચૌધરી, હવે હું જે કહેવા જઈ રહ્યો છું એ હૃદય ઉપર પથ્થર મૂકીને છાતી કઠણ કરી લેજો. હું જે કહેવા જઈ રહ્યો છું તે સાંભળીને તમારા પગ નીચેથી જમીન સરકી શકે છે.'

'એવું તો શું કહેવા માગી રહ્યા છો કે મારા પગ નીચેથી જમીન સરકી જશે?' સિતારા બોલી પડી.તેમના આ શબ્દો સાંભળીને મારી અંદર એક પણ પ્રશ્ન કરવાની હિંમત નહોતી. હું બસ માસુમ થઈને ડૉકટર તરફ જોઈ રહ્યો. તો બીજા સેકન્ડે અમાર તરફ જોવા લાગ્યો. અમાર પણ ખૂબ જ માસુમ નજરે મારી તરફ જોઈ રહ્યો હતો. તેના ચહેરાની આ માસુમિયત જોઈને મારું હૃદય વધારે ઝડપથી ધડકવા લાગ્યું હતું. મેં ફરી ડૉકટર તરફ જોયું; એ ખૂબજ સહજતાથી બોલ્યા,

'આપણે જે અમારાના રિપોર્ટ કરાવ્યા હતા એ બધા જ રિપોર્ટ આવી ગયા છે. હું જે કહેવા જઈ રહ્યો છું એ તમે ખૂબ જ સહજતાથી સાંભળજો. અમારને લ્યુકેમિયા છે.'

સિતારા આ સાંભળતાની સાથે ખુરશીમાંથી ઊભી થઈ અને અમારના હાથ-પગ મોં ચેક કરવા લાગી અને ચેક કર્યા બાદ બોલી,

'આને કોઈ જગ્યાએથી લકવો નથી. તો ડોક્ટર ખોટું કેમ બોલી રહ્યા છો? કે રિપોર્ટમાં મારા દીકરાને લકવોમિયા આવ્યો છે.'

ડૉકટર જે કહેવા માગતા હતા એ સિતારા સમજી રહી નહોતી. એની સમજ પ્રમાણે લ્યુકેમિયા એટલે લકવો! મને પણ એ બિમારીનો અર્થ ખબર નહોતો પણ ડૉકટર જે રીતે કહી રહ્યા હતા એનો ભાવ હું પણ સમજી શકતો હતો. મને સમજાઈ રહ્યું હતું કે વાત ખૂબ જ સિરિયસ હતી. એટલે ડૉકટર ઈશાન સ્ટેપ બાય સ્ટેપ જણાવી રહ્યા હતા.

ડૉકટર આગળની વાત કરવા માટે તેમનું મોં ખોલે તેની પહેલાં સિતારા ખૂબ જ ગુસ્સા સાથે બોલી,
'તમને ડૉકટર કોણે બનાવ્યા? મારો દીકરો એકદમ ઠીક છે. અને તમે લકવો કહી રહ્યા છો!'

તેની સમજ પ્રમાણે તેનો ગુસ્સો બરાબર હતો. ડૉકટર પણ તેની હાલત સમજી શકતા હતા એટલે તેની વાતના બદલામાં તે એટલું જ બોલ્યા, 'અમાર, એકદમ ઠીક છે, તમે અને અમાર બહાર જઈને રાહ જુઓ. હું શિવને અમાર માટે મેડિસન લખીને મોકલું છું.'
સિતારા બને એટલી જલ્દી ડૉકટરની કેબિન છોડવા માગતી હતી એટલે અમારનો હાથ પકડીને બને એટલી જલ્દી બહાર નીકળી ગઈ. હવે ડૉકટર અને હું બંને કેબિનમાં એકલા હતા. હું તેમની તરફ જોઈ રહ્યો હતો. હૃદય જોરજોરથી ધબકી રહ્યું હતું ને આંખ ફાટી જાય એમ હતી. મન કરી રહ્યું હતું કે કાશ! ડૉકટર મને પણ સિતારાની જેમ બહાર મોકલી દે. પણ એવું શક્ય નહોતું.

# કાર્યકર્તાના વૈચારિક, નૈતિક અને માનવીય મૂલ્યોનું ઘડતર કરતી શાળા એટલે પ્રશિક્ષણ વર્ગ -બલવંતસિહ રાજપૂત



સિધ્ધપુર ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી ખાતે શક્તિકેન્દ્ર સંયોજક પ્રશિક્ષણ વર્ગ—૨૦૨૫ અંતર્ગત પાટણ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સિદ્ધપુર વિધાનસભાના શક્તિકેન્દ્ર સંયોજકશ્રીઓ માટે પ્રશિક્ષણ વર્ગમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત રહી કાર્યશાળાની ખુલ્લી મૂકી તેઓએ જણાવ્યું પ્રશિક્ષણ વર્ગ એટલે કાર્યકર્તાના વૈચારિક નૈતિક અને માનવીય મૂલ્યોનું ઘડતર કરતી શાળા. એક દિવસીય આ કાર્ય શાળામાં ઘણી જાણકારી ઉપલબ્ધ થશે જે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી થશે

આ કાર્યક્રમમાં રમેશભાઈ સિંધવ, શક્તિકેન્દ્ર સંયોજક પ્રશિક્ષણ વર્ગના પાટણ જિલ્લાના વાલી નવદીપસિંહ ડોડિયા તથા ભાવેશભાઈ પટેલ, દિલીપભાઈ, જશુભાઈ પટેલ, વિરેશભાઈ વ્યાસ, મુકેશભાઈ ચૌધરી, કૌશલભાઈ જોશી, ગીરીશભાઈ મોદી, રાહુલભાઈ પટેલ તેમજ સિદ્ધપુર વિધાનસભામાં આવતાં તમામ મહામંત્રી અને શક્તિકેન્દ્ર સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

# પહેલા સારા રસ્તા બનાવો, પછી હેલ્મેટ ફરજિયાત કરો

રાજકોટ,તા.૩
રાજ્યભરમાં વરસાદને કારણે રસ્તાઓની હાલત ખરાબ થઈ ગઈ છે, ત્યારે રાજકોટ પણ તેમાંથી બાકાત નથી.
શહેરમાં ઠેર ઠેર ખાડા પડી ગયા છે અને રસ્તાઓ બિસ્માર બન્યા છે. આ પરિસ્થિતિમાં વાહન ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત કરવાના નિર્ણય સામે રાજકોટ શહેર કોંગ્રેસ અને દ્રજ્ઞૈં દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.
રાજકોટમાં ૮ ઓગસ્ટથી હેલ્મેટ ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસ અને દ્રજ્ઞૈં ના કાર્યકરો આ નિયમને 'કાળો કાયદો' ગણાવી રહ્યા છે અને તેને નાબૂદ કરવાની માંગ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે, જ્યાં સુધી સારા રસ્તાઓ ન બને ત્યાં સુધી હેલ્મેટ ફરજિયાત ન કરવું જોઈએ. 'પહેલા સારા રસ્તા તો બનાવો' એવી માંગ સાથે આજે કોંગ્રેસ અને એનએસયુઆઇ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.
રસ્તા અને ફરજિયાત હેલ્મેટના વિરોધના ભાગરૂપે કોંગ્રેસના કાર્યકરોએ શહેરના ચાર રસ્તા પર એક ટેબલ મૂકીને હેલ્મેટ ફરજિયાતના વિરોધમાં લોકોના અભિપ્રાય અને સહીઓ એકત્રિત કર્યા હતા.

# ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બ્લૂ ઈકોનોમી વિકસિત કરવા પર ભાર મૂકી રહ્યા છે. તેઓએ તાજેતરમાં જ કહ્યું હતું કે, 'આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં ગ્રીન પ્લેનેટના નિર્માણ માટે બ્લૂ ઈકોનોમી એક માધ્યમ બનશે.' ગુજરાતમાં દેશનો સૌથી લાંબો ૨૩૪૦.૬૨ કિમીનો દરિયાકિનારો છે, જે દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં બીજા સ્થાને છે. છેલ્લા ૪ વર્ષોમાં ગુજરાતમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫૬ લાખ મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૦૪,૮૨૮ મેટ્રિક ટન અને આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૩,૦૭૩ મેટ્રિક ટન થયું હતું. છે. આમ, વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૯,૦૭,૯૦૧ મેટ્રિક ટન રહ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૬૪,૩૪૩ મેટ્રિક ટન, જ્યારે આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૭૨,૪૩૦ મેટ્રિક ટન થવાની સંભાવના છે. આમ, વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૧૦,૩૬,૭૭૩ મેટ્રિક ટન થવાની સંભાવના છે.

મત્સ્યઉદ્યોગનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધે તેમજ માછીમારોની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (ૈસ્સ્જીરૂ) સમગ્ર દેશમાં લાગુ કરી છે, જેમાં મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, મત્સ્ય ઉત્પાદન, ઉત્પાદકતા અને ગુણવત્તાથી લઈને ટેક્નોલૉજી, પોસ્ટ-હાર્વેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટિંગ સુધીની ફિશરીઝ વેલ્યુ ચેઈનમાં રહેલી મહત્વપૂર્ણ ખામીઓને દૂર કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ વેલ્યુ ચેઈનને આધુનિક અને મજબૂત બનાવવાનો, ટ્રેસેબિલિટી એટલે કે શોધક્ષમતા વધારવાનો અને એક મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન માળખું સ્થાપિત કરવાની સાથે-સાથે માછીમારોનું સામાજિક-આર્થિક કલ્યાણ સુનિશ્ચિત કરવાનો છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધી કુલ ?૮૯૭.૫૪ કરોડના વિવિધ ઘટકો ધરાવતા પ્રોજેક્ટ્સ માટે ભારત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૈસ્સ્જીરૂ હેઠળ ગુજરાતને ?૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેનાથી પણ રાજ્યમાં મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિઓને વેગ મળી રહ્યો છે.

ગુજરાતના ૨૩૪૦.૬૨ કિમી લાંબા દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો લાભ લેવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેક પહેલો હાથ ધરી છે, જેમાં ડીઝલના વેટદરમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલની ખરીદી પર સબસીડીની સુવિધા, ઝીંગા માછલીઓના પાલન માટે જમીન આપવી, રસ્તા અને વીજળીની સુવિધાઓ, નાના માછીમારો માટેના બંદરોની માળખાકીય સુવિધાઓમાં વધારો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે જ માઢવાડ, નવાબંદર, વેરાવળ-૨ અને સૂત્રાપાડામાં ચાર નવા મત્સ્ય બંદરોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઘણી નવી પહેલો શરૂ કરી છે, જેમાં મત્સ્ય ઉછેર અને ઉત્પાદન માટે બાયોફ્લોક/ રિસર્ક્યુલેટિંગ એક્વાકલ્ચર સિસ્ટમ (ઇછજી)ની સ્થાપનામાં સહાય, ઝીંગા તળાવની પૂર્વ તૈયારી માટે દવા અને મિનરલ તેમજ ખોરાક તરીકે આપવામાં આવતા પ્રોબાયોટિકની ખરીદી ઉપર સહાય, કેજ કલ્ચર માટે સહાય (ભાંભરાપાણી)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આધુનિક બોટ બિલ્ડીંગ યાર્ડની સ્થાપના ઉપર સહાય, બોટ માલિકો, મત્સ્યોધોગ સહકારી મંડળીઓ તથા મત્સ્ય વેપારીઓ માટે બ્લાસ્ટ ફ્રિઝર તથા કોલ્ડસ્ટોરેજ સ્થાપવા ઉપર સહાય, પરંપરાગત માછીમારો માટે હોડી (રિપ્લેસમેન્ટ) અને જાળી પ્રદાન કરવી, ફિશ બાય-પ્રોડક્ટ પ્રોસેસિંગ યુનિટ, સી-વીડ સીડ બૅન્કની સ્થાપના ઉપર સહાય, શ્રીમ્પ/ફિશ /ક્રેબ હેચરીની સ્થાપના ઉપર સહાય, સી-વીડ કલ્ચર વગેરે માટે પણ સહાય (રાફ્ટ/ટ્યુબ નેટ) આપવામાં આવશે.




ઍસ્ટ્રોલોજર ડૉ. શેફાલી દવે વર્માએ દીલ્હી મિસીસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ કવીન ૨૦૨૫, તા.૨૩-૭-૨૦૨૫થી ૨૬-૭-૨૦૨૫ પ્રોગ્રામમાં "મિસીસ મૅજેસ્ટીક" ઍવોર્ડ પ્રાપ્ત કર્યો છે. જ્ઞાતિમાંથી સૌ પ્રથમ વાર આવી બ્યુટી કૉમ્પીટીશનમાં ભાગ લેવાનું શ્રેય ડૉ. શેફાલીને પ્રાપ્ત થયું છે. ખૂબ ખૂબ અભિનંદન. એમના મમ્મી સ્વ. અ.સૌ.વંદના દવે એ ૧૯૬૭માં ફેમીના મીસ ઈન્ડિયામાં ભાગ લીધેલો, એમના આશિર્વાદ અને પ્રેરણાથી આજે ડૉ. શેફાલી દવે વર્મા એ મીસીસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ક્વીન ૨૦૨૫ માં પાર્ટીસિપેટ કરી સફળતા મેળવી "મીસીસ ઈન્ડિયા મૅજેસ્ટીક" ઍવોર્ડ પ્રાપ્ત કર્યો છે.



ગાંધીનગરને ૨૦ વર્ષ પુરા થતા મહાત્મા મંદિર ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયેલ હતો જેમાં સમગ્ર ગાંધીનગરમાંથી વોર્ડ નં. ૬ ખાતેથી શ્રીમતી વંસતબેન મનસુખભાઇ વાઘેલાને સારી આઉટસૉર્સિંગ તરીકે કામ કરતા સાફ સફાઈ કરવા બદલ પ્રથમ નંબર આવેલ હોઈ, તેઓને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરના વરદ હસ્તે ઈનામ આપવામાં આવેલ છે.

# મોડાસામાં ઐતિહાસિક પર્યાવરણ સંરક્ષણ જાગૃતિ વૃક્ષ કાવડ યાત્રા યોજાઈ




અરવલ્લીના મોડાસા શહેરમાં નીકળી ભવ્ય વૃક્ષ કાવડ યાત્રા ગાયત્રી પરિવાર યુથ ગ્રુપ મોડાસાએ કર્યું આ યાત્રાનું આયોજન અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત વૃક્ષગંગા અભિયાન અંતર્ગત મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્રની ૠઅૠ ટીમ દ્વારા છેલ્લા ૨૧૨ રવિવાર થી પ્રાણવાન સેન્ડી અંતર્ગત વૃક્ષારોપણ ઝુંબેશ ચલાવાઈ રહેલ છે જેમાં મોડાસાના અલગ અલગ વિસ્તારોમાં દર રવિવારે વૃક્ષારોપણ કરવામાં આવે છે આ અભિયાનથી મોડાસા ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં દર રવિવારે વૃક્ષારોપણ કરવામાં આવે છે આ અભિયાનથી મોડાસા ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં મારું ઘર મારું વૃક્ષ નામે વૃક્ષારોપણ કાર્યક્રમ થઈ રહ્યા છે જેમાં નાના રોપાવો ને તરુપુત્ર તરુમિત્ર ના ભાવ સંકલ્પ સાથે વાવવામાં આવેલ છે જે છેલ્લા ચાર વર્ષથી અવિરત ચાલી રહેલ જે જેમાં ૪,૦૦૦ થી વધુ વૃક્ષ વાવવામાં આવ્યા છે પવિત્ર શ્રાવણ માસમાં જલા બીજે લઈ કાવડ યાત્રાનો મહિમા વર્ષોથી પ્રચલિત છે જે અનુરૂપ જન-જનને પર્યાવરણ બચાવવા વૃક્ષારોપણ જાગૃતિ માટે વિશેષ સંદેશ આપવા ત્રણ ઓગસ્ટ રવિવારે મોડાસા ગાયત્રી પરિવાર યુ યુથ ગ્રુપ દ્વારા વૃક્ષ કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું આ વૃક્ષ કાપડ યાત્રા મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્રથી શુભારંભ થયો અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારિક જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ કેડિયા સહિત અનેક અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા કલેકટર શ્રી દ્વારા વૃક્ષ રથનું પૂજન કરવામાં આવ્યું લીલી જંડી આપી આ યાત્રાનો પ્રસ્થાન કર્યું. પીવાઓ ખભે કાવડમાં શિવજીને પ્રિય એવા વૃક્ષના રોપાઓ લઈ ચાલતા રહ્યા અનેકના હાથમાં પર્યાવરણ બચાવો વૃક્ષારોપણ જતન માટેના સદ વાક્યોના બેનર સાથે લઈ પર્યાવરણ બચાવ વૃક્ષારોપણ ઝુંબેશ માટેના નારાઓથી સંદેશ આપતા રહ્યા રસ્તામાં અનેક સ્થાનો પર બાળકોએ નાટિકા દ્વારા પર્યાવરણ બચાવવા નો સંદેશ આપ્યો શહેરના મહત્વના માર્ગો પર આ યાત્રા પ્રથા થઈ જેમાં માલપુર રોડ કલ્યાણ ચોક રત્નાદિપ સોસાયટી ડીપ રોડ પાવન સીટી થઈ મેઘરજ રોડ ઉમિયા મંદિર સમાપન કરવામાં આવ્યું રસ્તામાં આવતા મહાદેવ મંદિરમાં તેમજ છેલ્લે ઉમિયા મંદિર સંકુલમાં મહાદેવજીને ગંગાજલ થી જલાભિષેક કરવામાં આવ્યો રસ્તામાં આમ જનતાને તરુપ્રસાદ રૂપે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું સમાપનમાં છેલ્લે મારું ઘર મારું વૃક્ષ અભિયાનમાં વૃક્ષ ઉછેરમાં વિશેષ સહયોગ કરનાર ગ્રીન યોદ્ધા કોનું સ્મૃતિચિન્હાથી સન્માન કરવામાં આવ્યું. આ યાત્રામાં મોટી સંખ્યામાં યુવા ભાઈ બહેનો સહિત અનેક ગાયત્રી સાધકો તેમજ આમ જનતા જોડાયા

# શ્રાવણમાં સુરતીઓનો નવો ટ્રેન્ડ: શિવભક્તિ સાથે પ્રકૃતિના ખોળે પિકનિક, સોનગઢનું ગૌમુખ મહાદેવ બન્યું પ્રિય સ્થળ



ખાણીપીણી અને ફરવાના શોખીન સુરતીઓ માટે વીકએન્ડ એટલે સામાન્ય રીતે દમણ કે સાપુતારાની વન-ડે પિકનિક. પરંતુ શ્રાવણ મહિનાની શરૂઆત થતા જ સુરતીઓના વીકએન્ડ પિકનિક સ્પોટ બદલાઈ જાય છે. શ્રાવણમાં શિવભક્તિ અને કુદરતી સૌંદર્ય માણવાનો અનોખો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેમાં તાપી જિલ્લાના સોનગઢ નજીક આવેલું ગૌમુખ મહાદેવ મંદિર હવે માત્ર ધાર્મિક સ્થળ જ નહી, પરંતુ એક લોકપ્રિય કુદરતી ધામ તરીકે પણ ઉભરી આવ્યું છે.છેલ્લા કેટલાક વર્ષોથી સુરતીઓ માટે શ્રાવણ મહિનાના વીકએન્ડ એટલે શિવભક્તિ સાથે કુદરતના સાનિધ્યમાં દર્શન કરવાનું સ્થળ એટલે સોનગઢનું ગૌમુખ મહાદેવ મંદિર. આ પ્રાચીન મંદિરની નજીક જ આવેલો વરસાદી પાણીનો કુદરતી ધોધ શિવભક્તો અને સહેલાણીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.શ્રાવણ મહિનામાં સુરતીઓ વધુ ધાર્મિક બને છે. સોમવાર ઉપરાંત વીકએન્ડમાં તેઓ સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક શિવ મંદિરોમાં ભક્તિ માટે પહોંચી જાય છે. તેમાંથી તાપી જિલ્લાના સોનગઢથી અંદાજે ૧૫ કિલોમીટરના અંતરે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની સરહદને અડીને આવેલું ગૌમુખ મહાદેવ મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું છે.નાના-મોટા પર્વતો અને ગાઢ વનરાજી વચ્ચે ખોબે ખોબે કુદરતી સૌંદર્યથી ભરપૂર આ સ્થળ ચોમાસામાં વધુ દીપી ઉઠે છે. આ પૌરાણિક મંદિરમાં દર્શન કરનારાઓને કેટલીક વાતો આશ્ચર્યચકિત કરે છે. મંદિરની બહાર ગાયના મુખમાંથી એક જલધારા વહે છે, જેનું મીઠું પાણી થોડે દૂર જઈને પથ્થરોમાં અદશ્ય થઈ જાય છે. શિવભક્તો સાથે પ્રકૃતિપ્રેમીઓ પણ ગાઢ જંગલોની વચ્ચે બિરાજમાન મહાદેવજીના દર્શન કરીને અલૌકિક શાંતિનો અનુભવ કરે છે. માત્ર સુરતીઓ જ નહી, પરંતુ મહારાષ્ટ્રથી પણ મોટી સંખ્યામાં ભક્તો અને સહેલાણીઓ અહી ઉમટી પડે છે.શિવભક્તિ સાથે પ્રકૃતિ દર્શન માટે સુરતીઓ સોનગઢના ગૌમુખ સહિત અનેક શિવ મંદિરોની મુલાકાત લે છે, પરંતુ ગૌમુખ મંદિર અને તેની તદ્દન નજીક આવેલો કુદરતી ધોધ સુરતીઓ માટે અનોખું આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. એક તરફ મંદિરમાં શિવજીની ભક્તિ સાથે ધાર્મિક વાતાવરણ સર્જાય છે, તો બીજી તરફ નાની ટેકરીઓ વચ્ચેથી પડતો વરસાદી ધોધ અદ્ભુત નજારો પૂરો પાડે છે.

# સમસ્ત સાણંદ તાલુકા બ્રહ્મ સમાજ ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન..પ્રોત્સાહિત કરાયા



સમસ્ત બ્રહ્મ સમાજ સાણંદ તાલુકા ના તેજસ્વી વિદ્યાર્થી ને સન્માનિત અને પ્રોત્સાહીત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો તો તેની. વિગતો આપતા બ્રહ્મ સમાજ સાણંદ તાલુકા ના પ્રમુખ સનતભાઈ પંડિત અને મંત્રી દિલીપભાઈ રાવલે જણાવ્યું હતું કે જુનિયર કે.જી.થી લઈ ને ગ્રેજ્યુએશન અને માસ્ટર ડીગ્રી મેળવનાર બ્રહ્મ સમાજ ના તેજસ્વી વિદ્યાર્થીઓ નું બ્રહ્મ સમાજ ના અગ્રણીઓ દ્વારા અધ્યત્તન સ્કૂલબેગ આપી ને સન્માનિત કર્યા હતા..બ્રહ્મ સમાજ ના શિક્ષણ સંસ્થાઓ ચલાવનાર ભૂદેવો નું પણ શાલ ઓઢાડી ને બીલીપત્ર નો છોડ આપી ને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ને સફળ બનાવવા..અગ્રણી દીપકભાઈ ભટ્ટ.. વિક્રમભાઈ વ્યાસ..વિજયભાઈ પંડિત..પી.વી.રાવલ..દિલીપભાઈ રાવલ સહિત અગ્રણી ભૂદેવો કાર્યરત રહ્યા હતા..નગરપાલિકા માં ચૂંટાયેલા પારુલબેન શુક્લ..ભાજપની બોડીમાં લેવાયેલા કૃપાબેન મહેતા નું બ્રહ્મ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.સૂર્યાબેન એ આશીર્વચન આપ્યા હતા..બહુ મોટી સંખ્યામાં ભૂદેવો હાજર રહ્યા હતા એ એ બ્રહ્મભોજન કરી ને હર હર મહાદેવ ના નાદ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.. અનિલભાઈ જાની...પ્રદીપભાઈ જાની.. કમલેશભાઈ વ્યાસ..જીતેન્દ્ર પંડિત વિગેરે હજાર રહ્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.